EDII

Divya Bhaskar

April 11, 2018
Page No.1
of City Bhaskar

## મલેશિયાનના માનવ સંશાધન મંત્રાલય હેઠળના હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ફંડ સાથે કરાર

# મલેશિયનોને ગુજરાત ભણાવશે ઉદ્યોગ સાહસિકતાના પાઠ!

**EDII 100 મલેશિયન યુવાનોને તાલીમ આપી મલેશિયાને તેની ક્ષમતાઓ બહાર લાવવામાં મદદ કરશે**

### Talk on Entrepreneurship

સિટી રિપોર્ટર | અમદાવાદ

આંત્રપ્રિન્યોશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા મલેશિયાના 100 ઉદ્યોગ સાહસિકોને આંત્રપ્રિન્યોરશીપની ટ્રેનિંગ આપશે. મલેશિયાનના માનવ સંશાધન મંત્રાલય હેઠળના હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ફંડ સાથે કરાર સાથે થયેલા સમજૂતી કરાર અંતર્ગત ઈડીઆઈઆઈ આ વર્ષે 100 જેટલા નાના અને મધ્યમકદના ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપશે. આ કરાર અંતર્ગત પહેલી બેચ હાલ સ્ટાર્ટ થઈ ચૂકી છે. પ્રત્યેક બેચનો સમયગાળો ત્રણ સપ્તાહનો રહેશે જેમાં એક બેચમાં 20થી 25 સ્ટુડન્ટસ અહીં રહીને જ સ્ટડી કરશે. જેઓ સ્ટડી બાદ મલેશિયા પહોંચીને પણ અહીંની ફેકલ્ટી સાથે એક વર્ષ સુધી સ્ટડીને લઈને કોમ્યુનિકેશન કરી શકશે. 2020 સુધીમાં 35 ટકા સ્કિલ્ડ વર્કફોર્સનો મલેશિયન સરકારનો ટાર્ગેટ છે. જેને પહોંચી વળવામાં આંત્રપ્રિન્યોશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા મદદરૂપ થશે.

### સમાન સમસ્યા | યુવાનોમાં રોજગારી બાબતે મલેશિયાની સ્થિતિ પણ ભારત જેવી




• ઈડીઆઈઆઈમાં હાલ પહેલ મલેશિયાની બેંચ આંત્રપ્રિન્યોરશીપના તાલીમ લઈ રહી છે.

મલેશિયાના આઈએમએસ એશિયાના ડિરેક્ટર ડૉ. એસ. એન. શિવાએ જણાવ્યું હતું કે, 'યુવાનો માટે રોજગારી બાબતે મલેશિયા પણ ભારત જેવી સમાન સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. શિક્ષણના પરંપરાગત માળખાને કારણે યુવાનો સમયજતાં રોજગાર માર્કેટમાં ઉદ્યોગોની બદલાયેલી જરૂરિયાતો સાથે તાલ મીલાવી શકતા નથી. જે અમે આ કરાર થ્રુ ઉદ્યોગ સાહસિકો અને નાના ઉદ્યોગોને સતત માર્ગદર્શન પૂરુ પાડવા માગીએ છીએ.'

### ટ્રેનિંગમાં આ સબ્જેક્ટ રહેશે

અહીં આવતા વિદ્યાર્થીઓ હેલ્થકેર ટુરીઝમ જેવા નાના-મોટા બિઝનેસ સાથે જોડાયેલા હોય છે. જેથી તેઓ આવનાર સમયમાં પોતાના ઉદ્યોગોમાં વૃદ્ધિ કરે તે હેતુથી બિઝનેસ સ્ટ્રેટજી, બ્રાન્ડિંગ, આંત્રપ્રિન્યોશિપ ડેવલપમેન્ટ, ફાયનાન્સ વગેરે સહિતના વિષયો અહીં ભણાવવામાં આવશે.

### 'યુવાનો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે'

એમઓયુ અંતર્ગત ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, 'આ કરારથી યુવાનો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે. ગ્લોબલ સસ્ટેનેબલ ગોલમાં મદદરૂપ બનવા બે દેશોનો આ ક્ષેત્રે સાથ સહકાર પણ જરૂરી છે. જેમાં ઈડીઆઈઆઈ મલેશિયાને તેની ક્ષમતાઓને બહાર લાવવામાં મદદ કરશે. સાથે જ ઈડીઆઈઆઈ સ્કિલ ડેવલપમેન્ટ, રિસ્કિલિંગ, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ, ક્ષમતા નિર્માણ, રેઈનિંગ અને મેથેડોલોજી, કન્ટેન્ટ ડેવલપમેન્ટ, કન્સલ્ટિંગ અને રિસર્ચના ક્ષેત્રોમાં મલેશિયન સરકાર સાથે મળીને કામ કરશે.'